કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૪૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

[redacted] ગોપીપુરા, પારસીવાડ, સુરત-૩૯૫ ૦૦૧ [redacted]

નંબર : ૭૯૮૯ તા.: ૫ - ૨ -૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક શાળાઓ....

વિષય:– આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ અંગે.....

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની તમામ પ્રાથમિક શાળાનાં આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તમામ શાળાનાં વિદ્યાર્થીઓને સરકારશ્રીએ ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર(ડીબીટી) હેઠળ આવરી લેવા કડક સુચના આપેલ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ જાતિનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ગણવેશ,પુસ્તક સહાય વિગેરેનો લાભ આપવામાં આવે છે. તમામ વિદ્યાર્થીઓને આ લાભ મળવો જ જોઈએ. નગર પ્રા.શિ.સમિતિ,સુરત હસ્તકની શાળામાં ૯૫% વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ તથા બેંક ખાતા ખુલી ગયા છે. બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓનાં તમારી શાળાની નજીક સુરત મહાનગરપાલિકાનાં સેન્ટર પર બાળકોને લઈ જઈ આધારકાર્ડ કઢાવવાના રહેશે. સરકારશ્રીએ તમામ વિદ્યાર્થીઓનાં બેંક એકાઉન્ટ અને આધારકાર્ડ બંને સીડીંગ કરવા અંગે જણાવેલ છે. તો બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓના ખાતાઓ ખોલવા માટેની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. તથા તમામ બાળકોનાં આધારકાર્ડ બનાવવા અંગેની કામગીરી શાળાનાં આચાર્યશ્રીએ અંગત રસ લઈ પૂર્ણ કરી કોઈપણ સંજોગોમાં ઉપરોકત કામગીરીને પ્રાધાન્ય આપી પૂર્ણ કરવા અંગે ખાસ નોંધ લેશો. વધુમાં નીચે જણાવેલ Google Form ની લીંક **https://goo.gl/forms/LkJFAdRCA2lfJ1Xr1** ને બ્રાઉઝર પર ઓપન કરી તમારી શાળાની માંગવામાં આવેલ માહિતી તા.૮/૨/૧૮ નાં રોજ સાંજે ૪/૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.રૂબરૂમાં આ માહિતી મોકલવાની નથી. જેની ખાસ નોંધ લેશો. શાળાનાં તમામ વિદ્યાર્થીઓનું આધારકાર્ડની વિગતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ રજીસ્ટર કાયમી ધોરણે કાર્યરત રાખી રેકર્ડ પર રાખવાનું રહેશે.

શાસનાધિકારી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

પ ત્ર ક

શા.નં.	કુલવિદ્યાર્થી સંખ્યા	આધારકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ ની સંખ્યા	આધારકાર્ડ વગરનાં વિદ્યાર્થીઓ ની સંખ્યા	આધારકાડ ધરાવતાં વિદ્યાર્થીઓ પૈકી બેંક એકાઉન્ટ ધરાવતાં વિદ્યાર્થીઓ ની સંખ્યા	બેંક એઉકાઉન્ટ વગરના વિદ્યાર્થીઓ ની સંખ્યા	આધારકાર્ડ નું બેંક એઉકાઉન્ટ સાથે સીડીંગ થયેલ વિદ્યાર્થી સંખ્યા	આધારકાર્ડ અપડેશન કરવાનાં બાકી વિદ્યાર્થીઓન ી સંખ્યા.	આધાર એનરોલમેન્ટ/ અપડેશન બાકી રહેવાનું કારણ
૨.	૩.	૪.	૫.	૬.	૭.	૮.	૯.	